# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 18-08-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

*****************************************************

1. નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે 12મી બ્રિક્સ પર્યાવરણ મંત્રીઓની બેઠક ચાલી રહી છે.
2. કર્ણાટક જાહેર સેવા આયોગની પરીક્ષા પેપર લીક મામલે ઇડીના વ્યાપક દરોડા.
3. શંકાસ્પદ હિલચાલના પગલે જમ્મુ કાશ્મીરના ઉધમપુર , રાઇસી અને કઠુઆ જિલ્લામાં સૈન્યનુ સર્ચ ઓપરેશન.
4. ભારતીય શેરબજારમાં ઘટાડા સાથે કામકાજ.
5. ભારત અને શ્રીલંકા વચ્ચેની ગાલે ટેસ્ટ રોમાંચક બની.

-----------------------------------

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# BRICS - ENVIRONMENT MEETING

નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે 12મી બ્રિક્સ પર્યાવરણ મંત્રીઓની બેઠક ચાલી રહી છે. કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવ બેઠકની અધ્યક્ષતા કરી રહ્યા છે.

આ બેઠક સભ્ય દેશોના મંત્રીઓ , વરિષ્ઠ અધિકારીઓ, નીતિ નિર્માતાઓ અને નિષ્ણાતો માટે મહત્વપૂર્ણ ચર્ચાઓ કરવા , સર્વસંમતિને પ્રોત્સાહન આપવા અને પર્યાવરણીય સહયોગને મજબૂત બનાવવા માટે એક પ્લેટફોર્મ તરીકે કામ કરે છે. ભારતના બ્રિક્સ અધ્યક્ષપદ 2026ની વિષયવસ્તુ સ્થિતિસ્થાપકતા, નવીનતા, સહકાર અને ટકાઉપણું માટે નિર્માણ રાખવામાં આવી છે.

# REV. ED-KPSC

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ EDએ કર્ણાટકમાં કર્ણાટક પબ્લિક સર્વિસ કમિશન , KPSC પેપર લીક કૌભાંડ સાથે જોડાયેલા અનેક સ્થળોએ દરોડા પાડ્યા છે. KPSCના ભૂતપૂર્વ ચેરમેન શિવશંકરપ્પા સાહુકર પર પરીક્ષા પેપર લીક , OMR શીટ્સ સાથે ચેડા અને સરકારી પશુચિકિત્સા અધિકારીઓની ભરતી માટે ઉમેદવાર દીઠ 70 થી 80 લાખ રૂપિયા સુધીની લાંચ માંગવાનો આરોપ છે. એક ખાનગી કંપનીએ વચેટિયા તરીકે કામ કર્યું હોવાનો પણ આરોપ છે.

EDએ શિવશંકરપ્પા અને KPSCના કેટલાક ભૂતપૂર્વ સભ્યોના નિવાસસ્થાન અને ખાનગી કંપની સાથે જોડાયેલા કાર્યાલયોમાં દરોડા પાડ્યા છે.

# J&K-SEARCH OPERATIONS

જમ્મુ અને કાશ્મીરમાં સુરક્ષા દળો દ્વારા આજે ઉધમપુર , રિયાસી અને કઠુઆ જિલ્લાઓમાં અનેક સ્થળોએ શોધ કામગીરી ચાલી રહી છે. આ વિસ્તારોમાં શંકાસ્પદ વ્યક્તિઓની હિલચાલના અહેવાલો બાદ તપાસ અભિયાન શરૂ કરાયું છે. વધુ વિગતોની રાહ જોવાઈ રહી છે.

દરમિયાન, ઉત્તરી કમાન્ડના જનરલ ઓફિસર કમાન્ડિંગ-ઇન-ચીફ , લેફ્ટનન્ટ જનરલ પ્રતીક શર્માએ ગઈકાલે પૂંચ જિલ્લામાં નિયંત્રણ રેખા પાસેના વિસ્તારોની મુલાકાત લીધી હતી. તેમણે સતત તકેદારી અને નવીન અભિગમોની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

# DEFENCE - PIL

સંરક્ષણ મંત્રાલયે છઠ્ઠી હકારાત્મક સ્વદેશીકરણ યાદી ( PIL) ને સૂચિત કરી છે , જેમાં 405 વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ વસ્તુઓનો સમાવેશ થાય છે જેની અંદાજિત વ્યાપાર ક્ષમતા ત્રણ હજાર 70 કરોડ રૂપિયા છે. આ યાદીમાં ભારતીય કોસ્ટ ગાર્ડની 16 વસ્તુઓ અને સંરક્ષણ જાહેર ક્ષેત્રના ઉપક્રમોની 389 વસ્તુઓનો સમાવેશ થાય છે. લાઇન રિપ્લેસેબલ યુનિટ્સ , સબ-સિસ્ટમ્સ, સબ-એસેમ્બલી, સ્પેરપાર્ટ્સ, ઘટકો અને કાચો માલ પણ લિસ્ટમાં સામેલ છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે, આ છઠ્ઠી PIL આત્મનિર્ભર ભારત પહેલ હેઠળ સંરક્ષણ ઉત્પાદનમાં આત્મનિર્ભરતાને પ્રોત્સાહન આપવાના સરકારના પ્રયાસોમાં વધુ એક પગલું છે, જે સ્થાનિક સંરક્ષણ ઉત્પાદન ઇકોસિસ્ટમને મજબૂત બનાવશે , રોકાણ અને નવીનતાને પ્રોત્સાહન આપશે અને આયાત પર નિર્ભરતા ઘટાડવામાં ફાળો આપશે તેવી આશા છે. મંત્રાલયે માહિતી આપી હતી કે વસ્તુઓની વિગતવાર યાદી SRIJAN પોર્ટલ (srijandefence.gov.in) પર પણ ઉપલબ્ધ છે.

# BJP INCHARGE

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીને ઉત્તર પ્રદેશ , પંજાબ અને ગુજરાત માટે નવા રાજ્ય પ્રભારીઓની નિમણૂક કરી છે. વિનોદ તાવડેને ઉત્તર પ્રદેશના પ્રભારી અને જગદીશ ઈશ્વરભાઈ પટેલને સહ-પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. ડૉ. સતીશ પુનિયાને પંજાબના પ્રભારી અને તરુણ ચુઘને ગુજરાતના પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

# KERALAM-SEAPORT (WITH V/C)

કેરળમના વિઝિંજામ આંતરરાષ્ટ્રીય દરિયાઈ બંદર પરથી સીધી નિકાસ અને આયાત કામગીરી આજથી શરૂ થઈ . જે આ પ્રદેશના દરિયાઈ વેપાર માટે એક મહત્વપૂર્ણ પગલું છે. મુખ્યમંત્રી વી. ડી. સતીસને વિઝિંજામથી યુરોપ માટેના બે કન્ટેનરને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફૉલો કરશો.

# FCRA-RIJIJU

સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ વિપક્ષો પર મત બેંકની રાજનીતિ માટે વિદેશી યોગદાન (નિયમન) સુધારા બિલ FCRA પર ખોટી માહિતી ફેલાવવાનો આરોપ લગાવ્યો. એક ખાનગી સમાચાર એજન્સીને આપેલા ઇન્ટરવ્યુમાં , તેમણે કહ્યું કે, આ બિલ વિદેશી ભંડોળના પ્રવાહમાં પારદર્શિતા લાવશે. તેમણે કહ્યું કે , સંયુક્ત સંસદીય સમિતિને બિલ મોકલવું એ એક ઉત્તમ નિર્ણય છે.

# POJK- HUMAN RIGHTS

પાકિસ્તાનના કબજા હેઠળના જમ્મુ કાશ્મીરમાં વધતી જતી અશાંતિ વચ્ચે , યુનાઇટેડ કાશ્મીર પીપલ્સ નેશનલ પાર્ટીએ આ ક્ષેત્રમાં પાકિસ્તાની દળો દ્વારા માનવાધિકાર ઉલ્લંઘન તરફ આંતરરાષ્ટ્રીય સમુદાયનું ધ્યાન દોર્યું છે.

UKPNP એ શાંતિપ્રિય રાજકીય કાર્યકરો અને માનવાધિકાર રક્ષકો સામે હિલચાલ પર પ્રતિબંધો અને દંડાત્મક પગલાં અંગે પણ ચિંતા વ્યક્ત કરી છે. જૂથે સંયુક્ત રાષ્ટ્ર અને આંતરરાષ્ટ્રીય સમુદાયને શાંતિપ્રિય પ્રદર્શનકારીઓ અને નાગરિકો સામે બળના અતિશય અને ઘાતક ઉપયોગને તાત્કાલિક બંધ કરવા માટે પાકિસ્તાન પર દબાણ કરવા અપીલ કરી.

# SEMICON INDIA

SEMICON INDIA 2026ની પાંચમી પરિષદ આગામી 17મી સપ્ટેમ્બરથી નવી દિલ્હીમાં યોજાશે. આ ત્રણ દિવસીય પરિષદમાં 40થી વધુ દેશોના 500થી વધુ પ્રદર્શકો અને લગભગ 240 પ્રદર્શન કંપનીઓ ભાગ લેશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ કાર્યક્રમનું ઉદ્ઘાટન કરશે. શ્રી મોદી અમેરિકા , જાપાન, દક્ષિણ કોરિયા, સિંગાપોર, જર્મની, નેધરલેન્ડ અને મલેશિયા સહિતના વૈશ્વિક સીઈઓ સાથે ગોળ મેજી પરિષદની પણ અધ્યક્ષતા કરશે.

આજે નવી દિલ્હીમાં પત્રકાર પરિષદને સંબોધતા , ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલયના સચિવ , એસ. કૃષ્ણને જણાવ્યું કે , આ પ્રદર્શનમાં જાપાન , દક્ષિણ કોરિયા, સિંગાપોર, મલેશિયા, જર્મની અને નેધરલેન્ડના છ કાર્યક્રમ સરકારની પ્રગતિશીલ નીતિઓ અને યોજનાઓમાં વિશ્વાસને મજબૂત બનાવે છે અને એક મજબૂત, સ્થિતિસ્થાપક અને ટકાઉ સેમિકન્ડક્ટર ઇકોસિસ્ટમ વિકસાવવા પ્રત્યે દેશની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

# STOCKS 1200

આજે બપોરના સત્રમાં બેન્ચમાર્ક સ્થાનિક ઇક્વિટી સૂચકાંકો લગભગ અડધા ટકાના ઘટાડા સાથે ટ્રેડ થઈ રહ્યા હતા. છેલ્લા અહેવાલો આવ્યા ત્યારે સેન્સેક્સ 360 પોઈન્ટે, જ્યારે નિફ્ટી 85 કરતાં વધુ પોઈન્ટ ઘટીને કામકાજ કરી રહ્યા હતા.

ક્ષેત્રીય મોરચે , IT, PSU બેંક અને રિયલ્ટી મુખ્ય ઘટ્યા હતા. તેનાથી વિપરીત, ઊર્જા, તેલ અને ગેસ અને આરોગ્યસંભાળના શેરોમાં લેવાલી જોવા મળી હતી.

# TEST MATCH

ભારત અને શ્રીલંકા વચ્ચે ગાલેમાં રમાઇ રહેલી પહેલી ટેસ્ટ રોમાંચક બની ગઈ છે. છેલ્લા અહેવાલ મળ્યાં ત્યારે લંચ બાદ ભારતે 5 વિકેટ ગુમાવીને 131 રન કર્યા છે. અને ભારતને 300થી વધુ રનની સરસાઈ મળી છે.

ગઇકાલે ભારતે 178 રનની સરસાઇ બાદ આજે પોતાની બીજી ઇનિગમાં શરૂ થઇ હતી. જોકે ઓપનર યશસ્વી જયસ્વાલ શૂન્ય રને પેવેલિયન પરત ફર્યો હતો. રાહુલઅને પેડિક્કલે આક્રમક રમત દાખવી હતી , જોકે રાહુલ 35 અને પેડિક્કલ 44 રને આઉટ થયા હતા, કેપ્ટન ગીલ પણ સસ્તામાં પેવેલિયન પરત ફર્યો હતો.

# REV. DAY. BWF WC DAY-2

નવી દિલ્હીના ઇન્દિરા ગાંધી ઇન્ડોર સ્ટેડિયમમાં રમાઈ રહેલી BWF બેડમિન્ટન વિશ્વ ચેમ્પિયનશિપમાં, પુરુષોના સિંગલ્સના પ્રથમ રાઉન્ડમાં ભારતના લક્ષ્ય સેન આજે ઑસ્ટ્રિયાના કોલિન્સ ફિલિમોન સામે રમશે.

દરમિયાન મહિલા સિંગલ્સના શરૂઆતના રાઉન્ડમાં ઉન્નતિ હુડા મ્યાનમારની ખેલાડી સામે રમશે, જ્યારે મિક્સ ડબલ્સ મેચમાં, આશિષ સૂર્યા અને અમૃતા પ્રમુથેશ તુર્કીની જોડી સામે ટકરાશે. મહિલા ડબલ્સના બીજા રાઉન્ડમાં , ભારતીય જોડી ટ્રીસા જોલી અને ગાયત્રી ગોપીચંદ અમેરિકાની લોરેન લેમ અને એલિસન લી સામે રમશે.

ભારતની કવિપ્રિયા સેલ્વમ અને સિમરન સિંઘીનો મુકાબલો બલ્ગેરિયાની જોડી સામે થશે. જો કે મિક્સ ડબલ્સના પ્રથમ રાઉન્ડમાં , ભારતના રોહન કપૂર અને રૂત્વિકા શિવાની ગદ્દેની જોડીનો કેનેડિયન જોડી સામે પરાજય થયો હતો.

# ZAMBIA-PRESIDENT

ઝામ્બિયાના રાષ્ટ્રપતિ હકાઈન્ડે હિચિલેમા પાંચ વર્ષના કાર્યકાળ માટે ફરીથી ચૂંટાયા છે. રાષ્ટ્રપતિ હિચિલેમાએ 51 ટકાથી વધુ મત મેળવીને ચૂંટણીમાં સ્પષ્ટ જીત મેળવી હતી.

ચૂંટણી પંચ અનુસાર , હિચિલેમાને 29 લાખ 65 હજાર મત મળ્યા , જ્યારે તેમના નજીકના હરીફ, વિપક્ષી નેતા બ્રાયન મ્બાન્ડુબાઇલને 18 લાખ 56 હજાર મત મળ્યા છે.

# US-GAZA-PLAN

અમેરિકાના ખાસ દૂત જેરેડ કુશનરે જણાવ્યું કે , ઇઝરાયલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂ સાથે પ્રસ્તાવિત ગાઝા યુદ્ધવિરામ યોજના પર લગભગ ચાર કલાક ચાલેલી બેઠકમાં નોંધપાત્ર પ્રગતિ થઈ છે.

શ્રી કુશનરે જણાવ્યું કે , વાટાઘાટો મુખ્યત્વે ગાઝાના પુનર્નિર્માણ , લશ્કરીકરણ અને ઇઝરાયલની સુરક્ષા ચિંતાઓ પર કેન્દ્રિત હતી. પ્રસ્તાવિત શાંતિ યોજનાને લગતી ગેરસમજોને પણ દૂર કરવામાં આવી હતી.